પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામીના વરદ હસ્તેઃ જામનગર તાલુકાના વસઈ ગામ નજીક આવેલા

વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમ અશોક વાટિકા (ફેઝ-૩)નું આવતીકાલે ઉદ્ઘાટન

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

જામનગર તા.૧૪, જામનગર - ખંભાળિયા માર્ગે વસઈ ગામ નજીક આવેલ વાત્સલ્ય ધામ વૃદ્ધાશ્રમમાં અશોક વાટિકા ફેઝ - ૩નું દાતાઓના સહયોગથી નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન રવિવાર તારીખ ૧૫ના સ્વામિનારાયણ સંપ્રદાયના ડો. જ્ઞાનવત્સલ સ્વામીના હસ્તે કરવામાં આવનાર છે.

વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી ભાવનાબેન પરમાર, પ્રમુખ ભાસ્કર રાઠોડ, નિતલ ધુવ અને ચેતન ચુડાસમા સહિતનાઓ દ્વારા પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે જામનગર શહેરમાં માનવતા, કરુણા અને નિસ્વાર્થ સેવા ભાવનાનું જીવંત પ્રતીક તરીકે વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમ આજે સમાજમાં એક અનોખું સ્થાન ધરાવે છે. વૃદ્ધોને માત્ર આશ્રય આપવાનું જ નહીં પરંતુ તેમને માન, સન્માન, પ્રેમ અને આનંદભર્યું જીવન મળે તેવા ઉદ્દાત હેતુ સાથે કાર્યરત આ સંસ્થા આજે સમાજ માટે પ્રેરણાનું કેન્દ્ર બની છે.

જીવનના અંતિમ પડાવમાં ઘણીવાર વૃદ્ધો એકલતા, અવગણના અથવા આધારના અભાવે મુશ્કેલીઓનો સામનો કરતા હોય છે. આવી પરિસ્થિતિમાં તેમને પરિવાર જેવો સ્નેહ, સુરક્ષા અને માનભર્યું જીવન મળે તે માટે વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમની સ્થાપના કરવામાં આવી હતી.

વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમની સ્થાપના વર્ષ ૨૦૧૧માં માનવસેવાના પવિત્ર સંકલ્પ સાથે કરવામાં આવી હતી. સમાજમાં એવા ઘણાં વડીલો છે. જેમને પોતાના જીવનના અંતિમ વર્ષોમાં એકલતા અનુભવવી પડે છે. આવા વડીલોને પરિવાર જેવો પ્રેમ, આધ્યાત્મિક શાંતિ અને સુરક્ષિત જીવન મળે તે માટે આ સંસ્થાની શરૂઆત કરવામાં આવી હતી.

આ સંસ્થાનું સ્વપ્ન ત્રણ મુખ્ય ફાઉન્ડર ટ્રસ્ટીઓ અને મેનેજમેન્ટ ટીમના સમર્પિત પ્રયાસોની સાકાર થયું છે.જેમાં શ્રીમતી ભાવનાબેન પરમાર, ભાસ્કરભાઈ રાઠોડ અને નિતલભાઈ ધુવનો સમાવેશ થાય છે.

આ ગણે સેવાભાવી વ્યક્તિઓએ સમાજ માટે એક એવું સ્થાન બનાવવાનું સ્વપ્ન જોયું હતું જ્યાં વૃદ્ધોને માત્ર રહેવાની વ્યવસ્થા નહીં પરંતુ પ્રેમ, સ્નેહ અને માન સાથેનું પરિવાર જેવું વાતાવરણ મળે.

વાત્સલ્યધામની આધુનિક અને માનવીય સુવિધાઓ

વાત્સલ્યધામ વૃદ્ધાશ્રમમાં વડીલોને આરામદાયક અને સુરક્ષિત જીવન મળી રહે તે માટે અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. અહીં રહેવાસીઓ માટે આરોગ્ય, સ્વચ્છતા, આધ્યાત્મિકતા અને મનોરંજનનો સંપૂર્ણ વિચાર કરવામાં આવ્યો છે.

અહીં રહેવા માટે આરામદાયક રૂમ્સ, બે બેડ ની વ્યવસ્થા, સ્વચ્છ અને અલગ ટોયલેટ-બાથરૂમ, હવાના યોગ્ય પ્રવાહ માટે મોટી બારીઓ અને વડીલોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે.

વાત્સલ્યધામમાં આનંદોલ્લાસ નામનો વિશાળ હોલ છે જ્યાં રોજિંદા સત્સંગ, ધાર્મિક કાર્યક્રમો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સામૂહિક કાર્યક્રમો યોજાય છે. લાઈબ્રેરી અને ટેલિવિઝન સુવિધા પણ ઉપલબ્ધ છે. જેથી વડીલો વાચન અને મનોરંજન દ્વારા સમય આનંદ થી પસાર કરી શકે.

આધ્યાત્મિક શાંતિ માટે ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ અને ભગવાન મહાદેવનું પવિત્ર સ્થાન બનાવવામાં આવ્યું છે. અહીં નિયમિત ભજન, સત્સંગ અને આધ્યાત્મિક કાર્યક્રમો યોજાય છે. પોષણયુક્ત ભોજન અને સ્વચ્છ રસોડું વાત્સલ્યધામનું રસોડું સંપૂર્ણ સ્વચ્છતા અને આધુનિક સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવ્યું છે.

અહીં રહેવાસીઓને તાજું, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. ભોજન માટે પ્રસાદમ હોલ બનાવવામાં આવ્યો છે .જ્યાં વડીલોને સન્માનપૂર્વક ભોજન પીરસવામાં આવે છે.

વાત્સલ્યધામમાં યજ્ઞશાળા બનાવવામાં આવી છે. જ્યાં વર્ષ ૨૦૨૦ થી નિયમિત ગાયત્રી હવન યોજાય છે. આયુર્વેદિક હવન સામગ્રી અને ગાય ના ઘી થી થતા હવન થી પર્યાવરણ શુદ્ધ બને છે . પ્રકૃતિની વચ્ચે શાંતિપૂર્ણ વાતાવરણ વાત્સલ્યધામના કેમ્પસમાં નંદનવન બાગ, ઓક્સિજન પાર્ક, સનસેટ લેક વ્યુ ગાર્ડન અને વોકિંગ ટ્રેક જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં વડીલો સવાર-સાંજ ચાલવા, યોગ અને પ્રાણાયામ કરી શકે છે.

વડીલોની તંદુરસ્તી માટે વેલનેસ લાઉન્જમાં મસાજ બેડ, હળવી કસરત સાધનો અને ઈન્ડોર ગેમ્સ ઉપલબ્ધ છે. વાત્સલ્ય ધામનો વિકાસ સેવાભાવી દાતાઓ, સેવાભાવી વ્યક્તિઓ અને સંસ્થાઓના સહયોગથી થયો છે. દેશ-વિદેશમાં વસતા અનેક દાતાઓએ ઉદાર સહયોગ આપ્યો છે.

અશોક વાટિકા (ફેઝ-૩) વિકાસનું નવું અધ્યાય તા. ૧૫ માર્ચ ૨૦૨૬ અને રવિવાર સાંજે પાંચ વાગ્યે અશોક વાટિકા ફેઝ-૩ નું ભવ્ય ઉદ્ઘાટન યોજાનાર છે. આ પ્રસંગે પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામી (બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા)ના હસ્તે ઉદ્ઘાટન થશે.

આ પ્રસંગે દાતાઓનું સન્માન, આધ્યાત્મિક પ્રવચન અને વિશેષ કાર્યક્રમો યોજાશે. અશોક વાટિકા લગભગ 30,000 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું સુંદર ગાર્ડન છે જેમાં અનેક ફળો ના વૃક્ષો, ઔષધિય છોડ અને ઓર્ગેનિક ખેતીની વ્યવસ્થા છે.

વાત્સલ્યધામ પરિવાર તમામ મીડિયા મિત્રોનો દિલની આભાર વ્યક્ત કરે છે કે તેઓ આવી સેવા પ્રવૃત્તિઓને સમાજ સુધી પહોચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વાત્સલ્યધામ માત્ર વૃદ્ધાશ્રમ નથી. તે સ્નેહ, સેવા અને માનવતાનું જીવંત મંદિર છે.

વાત્સલ્યધામ કારોબારી કમિટી ૨૦૨૪-૨૦૨૬ મા નિરંજનાબેન વિઠલાણી, જેમીનીબેન મોટાણી, ધ્રુપદભાઈ પરમાર, ઉપેન્દ્રસિંહ જાડેજા, પી.આર.સોમાણી, કિરીટભાઈ મજીઠીયા, કૈલાશભાઈ બદીયાણી, ચેતનભાઈ ચુડાસમા, અશોકભાઈ શેઠીયાનો સમાવેશ થાય છે.

બે વર્ષ પહેલાં સર્જાયો હતો અકસ્માતઃ

મોટરના અકસ્માતનો ક્લેઈમ ચૂકવવા વીમા કંપનીને ગ્રાહક ફોરમનો આદેશ

જામનગર તા. ૧૪: કાલાવડના એક આસામીને પોતાની મોટરના નડેલા અકસ્માતનો ખર્ચ મેળવવા કરેલો ક્લેઈમ વીમા કંપનીએ રદ્દ કરતા ગ્રાહક ફોરમમાં ફરિયાદ નોંધાવી હતી. ફોરમે વ્યાજ સાથે વળતર ચૂકવી આપવા આદેશ કર્યો છે.

કાલાવડના જયદીપ ભગવાનજી પઢીયાર નામના આસામીએ પોતાના વાહનનો રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી વીમો મેળવ્યો હતો. તે પછી કાલાવડથી રાઈટ પાર જતા જયદીપભાઈના વાહનને અકસ્માત નડતા તેઓએ વીમા કંપનીને જાણ કરી ક્લેઈમ કર્યો હતો.

ઉપરોક્ત ક્લેઈમ વીમા કંપનીએ રદ્દ કરતા જયદીપભાઈએ રૂ.૪,૬૧,૯૯૮ના થયેલા ખર્ચ અંગે જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં વીમા કંપની સામે ફરિયાદ નોંધાવી હતી. ફોરમે રૂ.૪૦૯૫૪૯ની રકમ છ ટકાના વ્યાજ સાથે અને ખર્ચના રૂ.૫ હજાર અલગથી ચૂકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો છે. ફરિયાદી તરફથી વકીલ વસંત ગોરી, દીપક નાનાણી, નેહલ સંચાણીયા રોકાયા હતા.

લાલપુર તાલુકાના મેઘનુ ગામના પૂર્વ સરપંચની

રાષ્ટ્રીય ગૌરક્ષા વાહિની ગૌસેવા સંઘમાં પ્રદેશ અધ્યક્ષ તરીકે નિમણૂક

જામનગર તા. ૧૩: લાલપુર તાલુકાના મેઘનું ગામના પૂર્વ સરપંચ વિક્રમસિંહ એસ. સોલંકીની રાષ્ટ્રીય ગૌરક્ષા વાહિની ગૌસેવા સંઘમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તેઓ જામનગર જિલ્લા પ્રાણી અત્યાચાર સમિતિના આજીવન સભ્ય, લોકવિચાર મંચના સભ્ય તરીકે સેવા આપે છે. રાષ્ટ્રીય ગૌરક્ષા વાહિનીની ગૌસેવા સંઘ ન્યુ દિલ્હીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગો. ઈન્દ્રેશકુમારજી, રાષ્ટ્રીય અધ્યક્ષ સંજીવસિંહ સેંગર, સ્વતંત્ર પ્રભારી શ્રીમંત વિક્રમાદિત્ય સિંહ જુદેવ અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રિન્સ જૈન તથા રાષ્ટ્રીય સંયોજક ભરત સુદાણી અને ગુજરાત કાર્યકારોણીની સહમતીથી આ નિમણૂક કરવામાં આવી છે.

રાજ્યકક્ષાની આરોગ્ય સમિટમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાનું પ્રેઝન્ટેશન પ્રથમઃ મુખ્યમંત્રીના અભિનંદન

ખંભાળીયા તા. ૧૪: તાજેતરમાં ગાંધીનગરમા આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય તથા પરિવાર કલ્યાણની ટેકનિકલ સંસ્થા સ્ટેટ હેલ્થ રીસોર્સ સેન્ટર દ્વારા ઈનોવેશન અને બેસ્ટ પ્રેકટિસ માટે આરોગ્ય સમિટનું આયોજન સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓનું કરવામાં આવ્યું હતું.

આ આરોગ્ય સમિટમાં દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોરના માર્ગદર્શનમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.બી. ચોબીયા તથા તેમની ટીમનો ગુજરાતમાં પ્રથમ નંબર આવ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.બી. ચોબીયા તથા તેમની ટીમને ખાસ અભિનંદન પત્ર પાઠવીને રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય વિષયક યોજનાઓ તથા વિવિધ કાર્યક્રમોના અમલીકરણ માટે જરૂરી તાલીમના સંદર્ભમાં આ સુંદર રીતે રજૂ થયેલ આ પ્રેઝન્ટેશનથી આગામી સમયમાં આરોગ્ય વિભાગને ખૂબ ઉપયોગી થવા સાથે દ્વારકા જિલ્લા આરોગ્ય ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

દિલ્હીથી દોડી આવેલા મોટાભાઈએ પોલીસને જાણ કરીઃ

બિહાર જવા માટે જામનગર રેલવે સ્ટેશન પરથી રવાના થયેલા યુવાન બન્યા લાપત્તા

જામનગર તા. ૧૪: જામનગરના રેલવે સ્ટેશન પરથી બિહાર જવા માટે ત્રણેક સપ્તાહ પહેલા રવાના થયેલા એક શ્રમિક પોતાના ઘેર નહીં પહોચતા દિલ્હીથી દોડી આવેલા આ યુવાનના ભાઈએ પોતાનો નાનો ભાઈ ગુમ થયાની રેલવે પોલીસમાં જાણ કરી છે. આ યુવાન કાનાલુસ પાસેથી લેબર કોલોની-૮માં વસવાટ કરતો હોવાનું ખૂલ્યું છે. પોલીસે વર્ણન, ફોટો મેળવી તપાસ શરૂ કરી છે.

લાલપુર તાલુકાના કાનાલુસ ગામ પાસે આઠ નંબરની લેબર કોલોનીમાં વસવાટ કરતા મૂળ બિહાર રાજ્યના બકસર જિલ્લાના ભીચલી ગામના વતની કિશનભાઈ કેદારનાથ રાય (ઉ.વ.૩૫) નામના શ્રમિક ગઈ તા.૧૭ના દિને જામનગરથી બિહાર જવા માટે ઓખા-બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનમાં રવાના થયા હતા.

આ યુવાન ગઈકાલ સુધી પોતાના વતનમાં ઘેર ન પહોચતા તેના પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. તે પછી જામનગર દોડી આવેલા કિશનભાઈના મોટાભાઈ અને હાલમાં દિલ્હીમાં વસવાટ કરતા વિનોદભાઈ કેદારનાથ રાયએ જામનગર રેલવે પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈ ગુમ થયાની વિગત જાહેર કરી છે.

પોલીસે ઉપરોક્ત તસ્વીરવાળા યુવાનનું વર્ણન મેળવી તપાસ આદરી છે. આ યુવાન અંગે કોઈને જાણકારી હોય તો તેઓએ રેલવે પોલીસકર્મી ભીમશીભાઈ-૯૯૯૮૭ ૨૧૪૩૬નો સંપર્ક કરવો. આ યુવાન સાડા પાંચેક ફૂટની ઉંચાઈ, પાતળો બાંધો, ઘઉંવર્ણો વાન ધરાવે છે. છેલ્લે તેણે કાળા રંગનું સ્વેટર, લીલા રંગનો શર્ટ તથા કાળા રંગનું ટ્રેક પહેરેલુ હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના

કલેકટર લાંબી રજા પર ડી.ડી.ઓને ચાર્જ સોંપાયો

ખંભાળીયા તા. ૧૪: દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ તન્ના લાંબી રજા પર જતા જિલ્લા કલેકટરનો ચાર્જ ડી.ડી.ઓ. એ.બી.પાંડોરને આપવામાં આવ્યો છે.

બાબજી ગ્લાસ
મો. ૯૮૨૪૮ ૯૨૪૧૧
બાબજી એલ્યુમિનીયમ
મો. ૯૪૨૭૯ ૪૩૩૫૨
એલ્યુમિનીયમ તથા ગ્લાસ મળશે.
ધણશેરી, જામનગર

નામ બદલાવેલ છે
હું પ્રફુલ દિનેશચંદ્ર ચંદરિયા જાહેર કરૂં છું કે, મેં મારૂ નામ પ્રફુલભાઈ દિનેશભાઈ ચંદરિયા રાખેલ છે, હવેથી હું પ્રફુલભાઈ દિનેશભાઈ ચંદરિયાથી ઓળખાઈશ તેની સર્વેએ લોકોએ નોંધ લેવી
જામનગર તા. ૧૪-૦૩-૨૦૨૬
વિ. પ્રફુલભાઈ દિનેશભાઈ ચંદરિયા

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
PGVCL
જામનગર વર્તુળ કચેરી
:: ટેન્ડર નોટીસ ::

શહેર-૧: જામનગર શહેર-૧ વિભાગીય હેઠળ સેંટ્રલ ઝોન અને સાત રસ્તા પેટા વિભાગીય કચેરીઓમાં એચટી/એલટી લાઇનો તથા ટ્રાન્સફોર્મર સેન્ટર નવા ઊભા કરવાનું તથા તેનું સમારકામ માટે નું કામ તથા લાઇનકામ ને લગતા તમામ કામ; જામનગર શહેર-૧ વિભાગીય કચેરી હેઠળના બધા પેટા વિભાગીય કચેરીઓ હેઠળ ટીએમ સેક્શન માટે ટ્રાન્સફોર્મર મેન્ટેનન્સ અને ફોલ્ટ રીપેરીંગ કામ માટે એફઆરપી બકેટ સાથે હાઈડ્રોલિકએલિવેટેડ પ્લેટફોર્મ ભાડે રાખવા માટેનું કામ.

શહેર ૨: જામનગર શહેર-૨ વિભાગીય કચેરી તેમજ તેની હેઠળ ની તમામ પેટા વિભાગીય કચેરીઓમાં પ્રિન્ટરના પાર્ટ પહોંચાડવા માટે નું કામ; જામનગર શહેર-૨ વિભાગીય કચેરી હેઠળ ની દરેક પેટા વિભાગીય કચેરી માટે ફેઈલ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર, સીટી, પીટી અને ટીસી અર્થીંગ બદલી આપવાનું કામ; જામનગર શહેર-૨ વિભાગીય કચેરી હેઠળની ન્યુ જામનગર (રૂરલ) પેટા વિભાગીય કચેરી હેઠળ કમ્પલેઇન કામ માટે બોલેરો કેમ્પર વાહન અથવા સમકક્ષ (એફઆરપી બકેટ સાથે હાઈડ્રોલિકએલિવેટેડ પ્લેટફોર્મ) ૨ વર્ષ માટે એઆરસી બેસીઝ પર ૨૪ કલાક માટે ભાડે રાખવા માટેનું કામ; જામનગર શહેર-૨ વિભાગીય કચેરી હેઠળ ફેબ્રિકેશન કરવા માટે મજૂરી કામ; જામનગર શહેર-૨ વિભાગીય કચેરી હેઠળ ટીએમ સેક્શન માટે ટ્રાન્સપોર્ટેશન માટે જરૂરિયાત મુજબ ટ્રેલર ભાડે રાખવાનું કામ.

રૂરલ: જામનગર ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ ધ્રોલ - ટાઉન અને ધ્રોલ રૂરલ પેટા વિભાગીય કચેરીઓમાં ૧ ફેઇઝ / ૩ ફેઇઝ ના નવા વીજ જોડાણો લગાડવા, મીટરો બદલવા તથા સમારકામ કરવા માટે નું કામ (૨ વર્ષ માટે); જામનગર ગ્રામ્ય વિભાગીય હેઠળના આમરણ, જોડિયા, ધ્રોલ -રૂરલ, કલ્લા, કાલાવડ ઈસ્ટ, કાલાવડ વેસ્ટ અને નિકાવા - પેટા વિભાગીય કચેરીઓમાં વિવિધ સ્કીમ હેઠળ એચટી/એલટી લાઇન અને ટ્રાન્સફોર્મર સેન્ટર નવા ઊભા કરવાનું તથા તેના જાળવણી માટે નું કામ તથા લાઇનકામ ને લગતા તમામ કામ.

ખંભાળિયા: ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ રામનગર, રૂરલ અને વડાત્રા -પેટા વિભાગીય કચેરીઓ હેઠળ વૃક્ષ ની વધારાની ડાળી કાપવા માટેનું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ ટાઉન, રૂરલ, વડાત્રા, રામનગર અને ભાણવડ -પેટા વિભાગીય કચેરીઓમાં ફેઇલ તથા ડેમેજ થયેલ ટ્રાન્સફોર્મર બદલવાનું માટે નું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ સ્ટોર વિભાગમાં વિવિધ માલ-સમાનને ચડાવવા-ઉતરવા નું મજૂરી કામ; ખંભાળીયા વિભાગિય કચેરી હેઠળ ભાણવડ, રામનગર, રૂરલ, ટાઉન અને વડાત્રા -પેટા વિભાગીય કચેરીઓ હેઠળ નવા કનેક્શનો લગાડવા, સિંગલ ફેઝ અને થ્રી-ફેઝ કનેકશનોના સમારકામ તથા બદલવાનું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ ફેબ્રિકેશન કરવા માટે નું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી માટે ૧૧ કેવી અંડરગ્રાઉન્ડ એક્સએલપીઇ કેબલ તથા ઇનડોર-આઉટડોર કેબલ કીટ બોક્સ ખરીદવાનું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી માટે ૧૧ કેવી પાવર કેબલ જોઇન્ટ કીટ ખરીદવાનું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ રામનગર, રૂરલ, વડાત્રા, ટાઉન અને ભાણવડ -પેટા વિભાગીય કચેરી હેઠળ ૧૧ કેવી ડિકસે ના પોલ નંબરિંગ કરવા માટે નું કામ; ખંભાળિયા વિભાગીય કચેરી હેઠળ એલટી અન્ડરગ્રાઉંડ કેબલ પહોચાડી ફોલ્ટ શોધી તેનું સમારકામ કરવા માટે નું કામ.

ઉપરોક્ત કામો માટેના ટેન્ડરોની વધુ માહિતી પીજીવીસીએલની વેબસાઇટ www.pgvcl.com, www.tender.nprocure.com પર મુકાશે. કસ્ટમર કેર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૩૩ ૧૫૫ ૩૩૩ તથા ૧૦૧૧૨.

:: જાહેર નોટીસ ::

આથી સર્વે જાહેર જનતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના, જામજોધપુર તાલુકાના, મોજેઃ કલ્યાણપુર ગામના નવા ખાતા નં. ૪૮૫ થી નોંધાયેલ છે. જેના રે.સ.નં. ૫૨૧ (જુના : ૧૧/પૈકી ૧) થાય છે. જેનું ક્ષેત્રફળ : હેકટર ૧-૯૬-૨૭ આરે ચો.મી. વાળી ખેતીની જમીન (૧) ખ્યાતિબેન મનસુખભાઈ વાડોદરીયા વાઈફ ઓફ સૌરભભાઈ શિરોયા (૨) કિન્નાબેન મનસુખભાઈ વાડોદરીયા (૩) નિશાંત મનસુખભાઈ વાડોદરીયાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની આવેલ છે, અને તેઓ પાસેથી સદરહુ ખેતીની જમીન ખરીદ કરવા અમારા અસીલે સોદો કરી સુંથીની રકમ ચુકવેલ છે.

ઉપરોક્ત વેંચાણ વ્યવહાર અન્વયે કોઇપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઇને પણ કોઇપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭(સાત)માં આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-તકરાર ન મળ્યે કોઈને કોઇપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજી. વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ આવેલ કોઇપણ જાતનો વાંધો-તકરાર અમારા અસીલના હકક વિરૂદ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

જામનગર
તા.૧૪-૦૩-૨૦૨૬
નવનીત ડી. અજુડીયા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...
:: અમારા મારફત ::
એડવોકેટ નવનીત ડી. અજુડીયા
ઓફિસઃ ૪૦૫, ચોથા માળ, સહુલ કોર્પોરેટ, ગ્રીનસિટી, રણજીતસાગર રોડ, જામનગર-૩૬૧૦૦૫ :: મો. ૯૫૧૦૦૦૮૦૦૨

:: જાહેર નોટીસ ::

આથી સર્વે ને જણાવવાનું કે અમો નીચે સહી કરનારાઓ (૧) દાનાભાઈ લખુભાઈ કટારીયા (હરીજન) (૨) ભીખાભાઈ લખુભાઈ કટારીયા (હરીજન) (૩) ગુજ. જેઠાભાઈ ભીખાભાઈ સોંદરવાના વારસ (૩/૧) અશોકભાઈ જેઠાભાઈ સોંદરવા (હરીજન) (૪) કરશનભાઈ કાનજીભાઈ ચાવડા (હરીજન) વાળા આથી જાહેર જનતા ને જણાવીએ છીએ કે,

અમો નોટીસ આપનારાઓ ખેતીની જમીન શ્રી ગુજરાત રાજ્યના જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોજે પડાણા ગામે (૧) દાનાભાઈ લખુભાઈ કટારીયા (હરીજન) ખેતીની જમીન કે જેના જૂના રે.સ.નં ૭૪૮ પૈકી, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૩-૪૯-૯૪ તથા જૂના રે.સ.નં ૭૬૦, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૩-૧૯-૭૦ તથા (૨) ભીખાભાઈ લખુભાઈ કટારીયા (હરીજન) જૂના રે.સ.નં ૭૪૮ પૈકી, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૭-૦૩-૧૪ તથા (૩) ગુજ. જેઠાભાઈ ભીખાભાઈ સોંદરવા ના વારસ (૩/૧) અશોકભાઈ જેઠાભાઈ સોંદરવા (હરીજન) જૂના રે.સ.નં ૬૪૧/૨ પૈકી, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૯૩-૪૦ વાળી તથા જૂના રે.સ.નં ૭૪૮ પૈકી, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૩-૩૯-૯૪ તથા (૪) કરશનભાઇ કાનજીભાઈ ચાવડા (હરીજન) જૂના રે.સ.નં ૬૪૧/૨ પૈકી, જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૨-૯૬-૪૦થી નોંધાયેલ છે. તે ખેતીની જમીન અંગેનું જનરલ પાવર ઓફ એટર્ની તા. ૦૧/૦૩/૨૦૨૪ ના રોજ પરમાર પ્રફુલાબેન રોહિતભાઈ રહે. માધાપર, રાજકોટ વાળાને આપેલ છે. જે પાવર ઓફ એટર્ની આજની તારીખ થી રદ કરીએ છીએ. આજ પછી જો કોઈ વ્યક્તિ આ મુખત્યારનામાના આધારે કોઈ કરાર કે બીજા કોઈ વ્યવહારો કરશે તો તે અમોને બંધનકર્તા રહેશે નહિ. જેની સર્વે લાગતા વળગતા સર્વે જનતા એ ખાસ નોંધ લેવી.

(૧) દાનાભાઈ લખુભાઈ કટારીયા (હરીજન)
(૨) ભીખાભાઈ લખુભાઈ કટારીયા (હરીજન)
(૩) ગુજ. જેઠાભાઈ ભીખાભાઈ સોંદરવાના વારસ (૩/૧) અશોકભાઈ જેઠાભાઈ સોંદરવા (હરીજન)
(૪) કરશનભાઈ કાનજીભાઈ ચાવડા (હરીજન)

જામનગર
તા.૧૪-૦૩-૨૦૨૬
:: અમારા મારફત ::
વિવેક પી. કણઝારીયા - એડવોકેટ
ઓફિસ નં. ૧૨૬, માધવ પ્લાઝા, લાલ બંગલા પાસે જામનગર
:: મોબાઈલ નંબરઃ ૯૪૨૭૭૫૨૬૩૮

:: જાહેર નોટીસ ::

આથી આ નોટીસથી લગતા વળગતા સર્વેને તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે,

શ્રી ગુજરાત રાજ્યના ડિસ્ટ્રીકટ તથા સબડીસ્ટ્રીકટ જામનગરના શહેર જામનગરમાં, પટેલ કોલોની શેરી નં.૫/એ માં આવેલ જડેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં આવેલ, રે.સ.નં. ૨૨૭ વાળી એકર : ૬-૩૯ ગુંઠાવાળી જમીન જે રહેણાંક હેતુસર બીનખેતી કરવામાં આવેલ છે, તે બિનખેતી થયેલ જગ્યામાં આવેલ પ્લોટ નં.૧૯ વાળી જગ્યા જેની સિટી સર્વે કચેરી દ્વારા હકક ચોકસી થતાં આ જગ્યાને વોર્ડ નં.૧૨, શીટ નં.૮૨, સિટી સર્વે નં. ૩૦૨૨ આપવામાં આવેલ છે, તે જગ્યાનું જામનગર મહાનગર પાલિકા દ્વારા તેઓના હુકમ ક્રમાંક : જેએમસી/ટીપી/વો/૭૫૦/સબપ્લોટ/૯૯/૨૦૦૦, તા.૩૦/૦૬/૧૯૯૯ થી સબપ્લોટીંગ કરતા તેના સબપ્લોટ નં.૧૯/બી વાળી જગ્યા ઉપર જામનગર મહાનગરપાલિકાની વિકાસ કાર્યની પરવાનગી ક્રમાંક નં.૦૦૮૪૩૭, તા. ૨૭/૦૭/૧૯૯૯ થી બાંધકામની મંજુરી મેળવી 'હરી-ઓમ એપાર્ટમેન્ટ' નામની બહુમાળી બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવેલ છે, તેમાં આવેલ સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં.૬ વાળી મિલકત **ધર્મિષ્ઠા લક્ષ્મીકાન્ત ઠક્કર વા/ઓ. કિશનકુમાર આચા** પાસેથી અમારા અસીલે ખરીદવા માટે સોદો કરેલ છે. અને સુંથી પેટે રકમ ચુકવેલ છે.

ઉપરોક્ત ફલેટ નં.૬ વાળી મિલકતના વેચાણ સામે કોઈને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય કે આ જગ્યા ઉપર કોઈપણ પ્રકારનો કાઈપણ હકક, અધિકાર, હીત કે બોજો, કરજ, ચાર્જ કે લેણુ હોય તો તે અંગે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૮**માં અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી જો નિયત સમયમાં કોઈના તરફથી કોઈ વાંધો ન આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અથવા હોય તો તે જતા (વેઇવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ ઉપરોક્ત જગ્યાનો પોતાના જોગનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યાર બાદ લેવામાં આવનાર કોઇના કોઇપણ પ્રકારના વાંધા તકરાર કે રજુઆત અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

જામનગર
તા.૧૪-૦૩-૨૦૨૬
નરેન્દ્ર ડી. મકવાણા - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...
:: અમારા મારફત ::
નરેન્દ્ર ડી. મકવાણા - એડવોકેટ
ઠે. ૨૦૭, કેસ્ટ કોર્નર, ડો. શાઠેયના દવાખાનાની બાજુમાં ટાઉન હોલ સામે, જામનગર :: મો. ૯૪૦૬૩ ૮૮૪૮૦

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
PGVCL
શહેર-૧ વિભાગ ઓફિસ, જામનગર
જૂના પાવર હાઉસ કમ્પાઉન્ડ
જેએમસી બિલ્ડીંગ સામે, લાલ બંગલા પાસે, જામનગર-૩૬૧ ૦૦૧

**: